## VASISHTHA GENESIS SCHOOL, BARDOLI
(Academic Session: 2025-26)

**Date: ________ Class: 2 Div: B/C Roll No: ____ Sub: 2L.Gujarati**

**Name: ____________________________________ Worksheet: T-2 Revision w.s -1**

**પ્ર-1 સાચાં ઉત્તર પર ✓ ખરાંની નિશાની કરો.**

i. દાદાજી બાળકો સાથે ક્યાં જતા હતા?

(અ) બજાર (બ) ફરવા (ક) બગીચામાં (ડ) મેળામાં

ii. દાદીજીએ સમાન લાવવા માટે શું આપ્યું?

(અ) થેલો (બ) ટોપલી (ક) પેટી (ડ) બાસ્કેટ

iii. દાદાજીને બજારમાંથી શું લાવવું હતું?

(અ) દૂધ (બ) શાકભાજી (ક) મીઠાઈ (ડ) ચેવડો

iv. શુદ્ધ શ્વેત રંગ શેનો છે?

(અ) પ્રેમ-શાંતિનો (બ) બલિદાનનો (ક) હરિત ખેતરોનો (ડ) ત્યાગનો

v. દેશ અશોકચક્રની જેમ

(અ) દોડે છે (બ) ચાલે છે (ક) શોભે છે (ડ) બોલે છે

vi. જંગલનું નામ શું હતું?

(અ) ભવ્યવન (બ) નંદનવન (ક) જાનકીવન (ડ) એકતાવન

vii. બગલો સ્વભાવે કેવો હતો?

(અ) માયાળુ (બ) લુચ્ચો (ક) ચાલાક (ડ) કપટી

viii. શ્રાવણ મહિનામાં કયો તહેવાર આવે છે?

(અ) હોળી (બ) રક્ષાબંધન (ક) દિવાળી (ડ) ઉત્તરાયણ

ix. કયા મહિનાઓમાં ખૂબ ગરમી પડે છે?

(અ) જુલાઈ-ઓગષ્ટ (બ) માર્ચ-એપ્રિલ (ક) મે-જુન (ડ) નવેમ્બર

x. શિયાળો પૂરો થતા બાળકો કયા તહેવારની રાહ જુએ છે?

(અ) હોળી (બ) રક્ષાબંધન (ક) દિવાળી (ડ) ઉત્તરાયણ

**પ્ર-2 નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

i. બાળકો દાદાજી સાથે ક્યાં જતા હતા?

જવાબ- બાળકો દાદાજી સાથે બજાર જતાં હતા.

ii. આપણે બજાર જઈએ ત્યારે આપણી થેલી કેમ લઈ જવી જોઈએ?

જવાબ- આપણે બજારમાં આપણી થેલી લઈ જઈએ તો પ્લાસ્ટિકની થેલી ઓછી વપરાય તેથી પર્યાવરણની રક્ષા થાય છે.

iii. તળાવમાં કોણ કોણ રહેતું હતું?

જવાબ- તળાવમાં અનેક માછલીઓ, કાચબા અને બગલો રહેતા હતા.

iv. ભોલુ અને કાળુની મિત્રતા કેવી રીતે થઈ?

જવાબ- કાળુ દરરોજ તળાવમાં પાણી પીવા આવતો હતો ત્યારે બગલો પાણી પીતાં-પીતાં વાતો કરતો. આ રીતે બંને વચ્ચે મિત્રતા થઈ હતી.

v. શિયાળ બગલા માટે શું બનાવીને લાવ્યું? કેવા ભાવ સાથે પીરસ્યું?

જવાબ- શિયાળ બગલા માટે ખીર બનાવે છે અને બગલો ખાઈ શકે નહી એવા ભાવ સાથે ખીરને થાળમાં પીરસીને ખાવા આપે છે.

vi. ઉનાળાની ગરમીમાં નદી-તળાવમાં પાણી કેમ ઓછું થઇ જાય છે?

જવાબ- સૂર્યનાં તડકાથી નદી-તળાવમાં પાણી સુકાઈને ઓછું થઈ જાય છે.

vii. વસંતઋતુમાં ધરતી પર શું શું દેખાઈ છે?

જવાબ- વસંતઋતુમાં ખેતરમાં અનાજ તૈયાર થાય અને ફૂલો ખીલી ઉઠેલા દેખાય છે.

viii. તિરંગો શેનાથી કેસરિયો બન્યો છે?

જવાબ- તિરંગો વીરોના બલિદાનોથી કેસરિયો બન્યો છે.

ix. દેશ કોની જેમ ગતિ કરે છે?

જવાબ- દેશ અશોકચક્રની જેમ ગતિ કરે છે.

x. તિરંગો એટલે?

જવાબ- તિરંગો એટલે ત્રણ રંગવાળો ધ્વજ.

**પ્ર-3 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.**

| | | |
|---|---|---|
| નુકસાન- ________ | સૂચના - ________ | જાનવર - ________ |
| તડકો - ________ | ભાઈબંધ - ________ | પ્રાણ - ________ |
| શ્વેત - ________ | ખેતર - ________ | હરિયાળો - ________ |
| ઝુંડ - ________ | પાણી - ________ | સૂર્ય - ________ |
| વીજળી - ________ | ખેડૂત - ________ | ચાલાકી - ________ |

**પ્ર-4 નીચેના શબ્દોના વિરોધી શબ્દ લખો.**

| | | |
|---|---|---|
| માયાળુ x ________ | નિરાંત x ________ | ખુશ x ________ |
| મિત્ર x ________ | સફળતા x ________ | તડકો x ________ |
| સાંકળું x ________ | ગરમી x ________ | મીઠી x ________ |

**પ્ર-5 નીચેના શબ્દોનું વચન બદલો.**

રંગ - ________________ બાળકો - ________________ જાનવરો - ________________

દેશ - ________________ ફળ - ________________ વૃક્ષો - ________________

પ્રાણી - ________________ પક્ષી - ________________ રજાઓ - ________________

**પ્ર-6 નીચેના શબ્દોનું લિંગ બદલો.**

દાદા - ________________ કાકા - ________________ માસી - ________________

પિતા - ________________ પિતા - ________________ નાના - ________________

ફોઈ - ________________ ભાઈ - ________________ મામા - ________________

**પ્ર-7 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

**(ત્રણ, નાશ, રિસાયકલ, કેસરી, ભૂરો, બે, બોલકો, વહેલો, ફૂલો, સ્વાદિષ્ટ)**

i. દાદાજીને અઠવાડિયામાં ______________ દિવસ શાકભાજી લાવવાનું ગમે છે.

ii. પ્લાસ્ટિકની થેલીઓનો ______________ થતો નથી.

iii. પ્લાસ્ટિકને ______________ કરીને તેનાથી બીજી વસ્તુઓ બનાવી શકાય.

iv. આપણા રાષ્ટ્રધ્વજમાં ______________ રંગો છે.

v. સૌથી ઉપર ______________ રંગ છે.

vi. અશોકચક્રનો રંગ ______________ છે.

vii. ઉનાળામાં સૂર્ય ______________ ઉગે છે.

viii. વસંતઋતુમાં રંગબેરંગી ______________ ખીલે છે.

ix. ભોલુ બગલો થોડો ______________ હતો.

x. બંને મિત્રોએ આનંદથી ______________ બાસુંદીનો સ્વાદ માણ્યો.